Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક:એનએસએસ/૧૬૪૦૬/૨૦૨૩
તા.૨૮/૦૬/૨૦૨૩

પ્રતિ,
એન.એસ.એસ. સંલગ્ન વી.ન.દ.ગુ.યુનિની
તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ

**વિષયઃ નશીલી દવાઓના દુરઉપયોગ અને તેના ગેરકાયદેસર હેરફેરનાં વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસના આયોજન બાબત**
**સંદર્ભઃ એન.એસ.એસ. ક્ષેત્રીય નિદેશાલય, અમદાવાદનો પત્ર ક્રમાંક:પી.૧૮/૨૦૨૦/રાસેયો/ગુજ/૧૨૦૯ થી ૧૩૧૩ તા.૨૮/૦૬/૨૦૨૩**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે સવિનય જણાવવાનું કે, અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ ૨૬ જૂન, **"નશીલી દવાઓના દુરઉપયોગ અને તેના ગેરકાયદેસર હેરફેરનાં વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ"** તરીકે ઉજવવામાં આવી રહ્યો છે જેને અનુરૂપ શાંઘાઇ કોર્પોરેશન ફેડરેશનનાં માધ્યમથી સદસ્ય રાષ્ટ્રમાં આ અભિયાનનું તારીખ ૨૬ જૂન ૨૦૨૩ થી ૧ જુલાઈ, ૨૦૨૩ સુધી **"The stimulus of the dream is you yourself"** નામથી આયોજન કરવામાં આવી રહ્યું છે.

તારીખ ૨૬ જૂન ૨૦૨૩ થી ૧ જુલાઈ, ૨૦૨૩ સુધી ચાલી રહેલ આ અભિયાન અંતર્ગત **"સ્વસ્થ જીવનશૈલી (હેલ્દી લાઈફસ્ટાઇલ) માટે મારું પ્રેરણાસ્રોત"** આ વિષય પર વિવિધ સોશિયલ મીડિયાનાં માધ્યમ પર વિડીયો, સોશિયલ મીડિયા પોસ્ટ, કથા (સ્ટોરી) નાં માધ્યમથી રાસેયો સ્વયંસેવકો દ્વારા નશીલી દવાઓના દુરઉપયોગ અને તેના ગેરકાયદેસર હેરફેર નાં વિરુદ્ધ અભિયાન ચલાવવા માટેનો પ્રસ્તાવ મુકવામાં આવે છે. આ ઓનલાઈન જાગૃતતા અભિયાન અંતર્ગત સોશિયલ મીડિયાનાં માધ્યમ પર મુકેલ બધી જ પોસ્ટ પર હેશટેગ #TheStimulusOdTheDream2023, #Againstdrugs2023 નો ફરજીયાતપણે ઉપયોગ કરવા વિનંતી છે.

તમામ એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ વિષય અંતર્ગત ઉપરોક્ત અભિયાનનું આયોજન કરવાનું રહેશે તેમજ કષ્ટ કરે તથા આ અભિયાન અંતર્ગત સર્વશ્રેષ્ઠ કામગીરી જેઓ કરે છે તે કેટેગરી મુજબ (વિડીઓ/પોસ્ટ/સ્ટોરી) ૨ સ્વયંસેવકો ની પસંદગી કરી તેમની કૃતિ અત્રેની કચેરીને તારીખ ૩૦ જુન ૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાક સુધીમાં મોકલવાની રહેશે. જેથી તેને ક્ષેત્રીય નિદેશાલય, અમદાવાદને સમયસર મોકલી શકાય.

પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર
NSS

બિડાણ :

- ક્ષેત્રીય નિદેશાલય, અમદાવાદનો પત્ર

નકલ સવિનય રવાના પ્રતિ

- કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત